(5)

# જાહેર ખબર

## (વાહન હરાજીથી વેચવાનું છે.)

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગરના નિમ્નદર્શિત વાહનને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, બ્લોક નંબર-૭ ના પાર્કિંગ ખાતે બંધ હાલતમાં રાખવામાં આવેલ છે, તેને તેવી જ હાલતમાં હરાજીથી વેચવાનું છે.

| ક્રમાંક | વાહન નંબર – પ્રકાર અને ખરીદી વર્ષ | તળિયાની કિંમત |
|---|---|---|
| 1 | GJ-18-G-2695 (SX4)<br>Petrol - 2009 | ₹ 85,000/- |

વાહન ઉપર દર્શાવેલ સ્થળે સરકારી કામકાજના દિવસો દરમિયાન જોઈ શકાશે. આ અંગેના ભાવપત્રક **તા: ૩૧/૧૨/૨૦૨૧ ના રોજ ૧૭:૦૦ કલાક સુધીમાં** સીલબંધ કવરમાં "ઉપ સચિવશ્રી (મહેકમ), વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, બ્લોક નંબર-૭, સચિવાલય, ગાંધીનગર" ખાતે R.P.A.D. થી કવર ઉપર **"વાહન વેચાણના ભાવ"** એમ દર્શાવી મોકલી આપવાના રહેશે. જે **તા: ૦૩/૦૧/૨૦૨૨ ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે ખોલી** હરાજી હાથ ધરવામાં આવશે. ભાવપત્રક સ્વીકારવાની સત્તા સક્ષમ અધિકારીની રહેશે. જે પાર્ટીનું ભાવપત્રક સ્વીકારવામાં આવશે, તે પાર્ટીએ વાહનની રકમ તેમજ તે રકમ પર સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવેલ ભરવાપાત્ર વેરો ભરવાનો રહેશે. અન્ય શરતો https://dst.gujarat.gov.in/ પર જોઈ શકાશે અને રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે.

---

**પરચ-૧૦૨૦૨૦-૧૧૨-મહેકમ**
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૯/૧૨/૨૦૨૧

**પ્રતિ,**

- **સચિવાલયના સર્વે વિભાગો**
- **કલેક્ટરશ્રી, કલેક્ટર કચેરી, ગાંધીનગર**

**આ જાહેરાત આપની કચેરીની નોટીસ બોર્ડ પર મૂકવા વિનંતી સહ**

- **GIL, કર્મયોગી ભવન, ગાંધીનગર – ઉક્ત જાહેર ખબર વિભાગની વેબસાઇટ પર અપડેટ કરવાની વિનંતી સહ.**

આપનો વિશ્વાસુ,

**(આર.એચ.ભાભોર)**
ઉપ સચિવ
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ
ગુજરાત સરકાર

# વાહનની હરાજીની વિગતો/શરતો

૧. વિભાગના હરાજી માટે મુકવામાં આવનાર કુલ–૦૧ (એક) વાહનના મોડલ નંબર (ખરીદી વર્ષ) તેમજ તળિયાની કિંમત નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની રહેશે.

| ક્રમાંક | વાહન નંબર – પ્રકાર અને ખરીદી વર્ષ | તળિયાની કિંમત |
|---|---|---|
| 1 | GJ-18-G-2695 (SX4)<br>Petrol - 2009 | ₹ 85,000/- |

૨. આ સરકારી વાહનોની ટેન્ડર કમ હરાજીથી નિકાલ કરવાનો હોઈ, જે–તે વાહનની તળિયાની કિંમતના ૧૦% જેટલી રકમનો રાષ્ટ્રીયકૃત બેન્કનો ડ્રાફ્ટ/ફીક્સ ડિપોઝીટ રસીદ સાથે **તા. ૩૧/૧૨/૨૦૨૧ ના રોજ ૧૭:૦૦ કલાક સુધીમાં ઉપ સચિવશ્રી(મહેકમ), વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, બ્લોક નં. ૭/૫ મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર**ને મળી જાય તે રીતે સીલબંધ કવરમાં મોકલી આપવાના રહેશે.

૩. જે–તે વાહનની નક્કી કરવામાં આવેલ તળિયાની કિંમત કરતાં ઓછી કિંમતના ભાવપત્રક લક્ષમાં લેવામાં આવશે નહિ.

૪. હરાજીમાં જે પાર્ટીએ ભાવપત્રક રજુ કરેલ હોય અને બાનાની રકમ પેટે તળિયાની કિંમતના ૧૦% જેટલી રકમનો રાષ્ટ્રીયકૃત બેન્કનો ડ્રાફ્ટ/ફીક્સ ડિપોઝીટ રસીદ રજુ કરેલ હશે તે જ ભાગ લઈ શકશે.

૫. જાહેર હરાજીમાં તળિયાની કિંમત અથવા બંધ કવરમાં મળેલ અપર (ઊંચા) ભાવો પૈકી જે રકમ વધુ હશે, તે રકમથી બોલીની શરૂઆત કરવામાં આવશે.

૬. વાહનની હરાજી શરૂ થયે દરેક તબક્કે રૂ. ૧૦૦૦/– ના વધારા કરતા ઓછી બોલી સ્વીકારવામાં આવશે નહીં.

૭. જાહેર હરાજી / અપર ઓફરથી જેના ભાવો સૌથી વધુ હશે તેઓએ તુરંત જ સ્થળ ઉપર જ ૨૦ ટકા રકમ હરાજીના દિવસે જમા કરાવવાની રહેશે. બાકીની રકમ હરાજી મંજુર થયેથી દિન–૦૭ માં ભરવાની રહેશે. સદર રકમ ભરપાઈ ન થયે બાના સહિત ભરેલ તમામ રકમ જપ્ત કરવામાં આવશે.

૮. હરાજી પૂરી થયા બાદ જેનો ભાવ સ્વીકારવામાં આવ્યો હશે તે સિવાયના તમામ પાર્ટીઓએ ડીપોઝીટ રકમ તુરત જ પરત મેળવી લેવાની રહેશે.

૯. વાહનની કોઈપણ બોલી સ્વીકારવી કે નહીં તે અંગેની આખરી સત્તા વિભાગની જાહેર હરાજી કમિટીના અધ્યક્ષ અને સભ્યોની રહેશે અને તેઓના નિર્ણય સર્વેને બંધંનકર્તા રહેશે.

૧૦. જે પાર્ટીની ઓફર સ્વીકારવમાં આવશે તે પાર્ટીએ હુકમની તારીખથી દિન–૦૭ માં વાહન જે સ્થિતિમાં હશે તે જ સ્થિતિમાં જે–તે સ્થળેથી તેમના ખર્ચે અને જોખમે લઈ જવાનું રહેશે.

૧૧. વાહનનું નવું રજિસ્ટ્રેશન કરવા અંગેની તથા અન્ય આનુષંગિક વાહનની વહીવટી કામગીરી સહિતની સમગ્ર કામગીરી સંબંધિત પાર્ટીએ સ્વખર્ચે કરાવીને તેની નકલ અત્રે રજુ કરવાની રહેશે.

૧૨. જે પાર્ટીની ઓફર સ્વીકારવામાં આવે તે પાર્ટીએ સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવેલ નિયમ મુજબ વેરાની રકમ અલગથી ભરવાની રહેશે.

૧૩. વાહનના તળિયાના ભાવ કરતા ઓછા ભાવ આપનાર પાર્ટીની બાના ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

૧૪. ટેન્ડર સ્વીકારવાની તેમજ ખોલવાની આખરી સત્તા આ માટે નિયુક્ત કરેલ જાહેર હરાજી સમિતિની રહેશે.

૧૫. જાહેર હરાજી/અપર ઓફરમાં આવેલ છેવટની બોલી મંજુર કરવી/ના કરવી તે અંગેનો છેવટનો નિર્ણય વિભાગના સચિવશ્રી (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ)નો રહેશે.

(આર.એચ.ભાભોર)
ઉપ સચિવ
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ
ગુજરાત સરકાર

# અરજી ફોર્મ

ઓફર મોકલનારનું નામ:

સરનામું:

PAN No.:

GST No.:

ફોન/મોબાઈલ નંબર:

તા:

**પ્રતિ,**

ઉપ સચિવશ્રી (મહેકમ),
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ,
બ્લોક નં. ૭/૫ મો માળ,
નવા સચિવાલય, ગાંધીનગર

**વિષય: રદબાતલ (કન્ડમ) વાહનની ઓફર મોકલવા બાબત**

**શ્રીમાન,**

ઉપરોક્ત વિષય પરત્વે સવિનય જણાવવાનું કે, આપની કચેરીના રદબાતલ (કન્ડમ) વાહનનો નિકાલ કરવા બહાર પાડેલ ટચૂકડી જાહેર ખબરના અનુસંધાનમાં હું મારા ભાવ ભરવા માંગું છું અને જે છે તે સ્થિતિમાં વાહન ખરીદવા માગું છું. મારા ભાવ નીચે મુજબ છે:

| **ક્રમ** | **ગાડી નંબર** | **ગાડીનો પ્રકાર** | **અપસેટ પ્રાઇસ** | **ગાડી ખરીદવા માટેની ઓફર પ્રાઇસ** |
|---|---|---|---|---|
| ૧ | જીજે-૧૮-જી-૨૬૯૫ | મારૂતિ સુઝુકી SX4 | ₹ ૮૫,૦૦૦ | |

ડીપોઝીટ પેટે અપસેટ પ્રાઈઝના ૧૦% જેટલી રકમનો "ઉપસચિવશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર"ના નામનો ડ્રાફ્ટ અત્રેની કચેરીમાં જમા કરાવવાનો રહેશે.

## પ્રમાણપત્ર

ઉપર દર્શાવેલી મારી તમામ હકીકત સાચી છે અને મેં દર્શાવેલ ભાવે હું આ વાહન ખરીદવા સંમત છું તેમજ અરજીની તમામ શરતો મને કબૂલ છે.

આપનો વિશ્વાસુ,

સ્થળ:

તા: / /૨૦૨૧ ..............................